ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૦.૦° સે. | ૨૬.૦° સે. |
| બારડોલી | ૨૮.૦° સે. | ૨૫.૦° સે. |
| ભરૂચ | ૩૦.૦° સે. | ૨૭.૦° સે. |
| વ્યારા | ૨૮.૦° સે. | ૨૫.૦° સે. |



## દરગાહમાં દૂધ બનાવવા માટે મંગાવેલા ત્રણ તપેલા ગુમ કરી દીધા

**બારડોલીના** કેટરર્સે મોહંમદ સાબિબ પીતળના ૧.૨૦ લાખની ઠગાઇની ફરિયાદ કરી

બારડોલી : બારડોલીમાં કેટરિંગના ધંધાર્થીને વિશ્વાસમાં લઈને ૧.૨૦ લાખ રૂપિયાના ત્રણ પિત્તળના મોટા તપેલા ઓળવી જવાની ઘટના સામે આવી છે. ચાંદપીર દરગાહના કાર્યક્રમના બહાને વાસણો ભાડે લઈ પરત ન કરનાર શખ્સ સામે બારડોલી ટાઉન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શાસ્ત્રી રોડ સ્થિત સાંઈનાથ પાર્કમાં રહેતા અને કેટરર્સનું કામ કરતા ૪૮ વર્ષીય જોમતારામ ઉર્ફે જગદીશભાઈ પુરોહિતને ગત ૩ સપ્ટેમ્બરે મોહંમદ સાહિબ નામના શખ્સે ફોન કરી ચાંદપીર દરગાહ ખાતે ૬૦૦ લોકો માટે દૂધ બનાવવાનું હોવાનું કહીને મોટા તપેલાની માંગણી કરી હતી. જેથી તેમના ભાઈ નરપતે તેન રોડ પરના ગોડાઉનથી ૨૬, ૨૮ અને ૩૦ ઈંચની સાઈઝના ત્રણ મોટા પિત્તળના તપેલા ભાડે આપ્યા હતા. એક તપેલાનું દૈનિક ભાડું ૫૦૦ રૂપિયા લેખે બે દિવસના ભાડા પર આ વાસણો આપવામાં આવ્યા હતા. જોકે, નક્કી કરેલો સમય વીતી જવા છતાં મોહમ્મદ સાહિબે તપેલા પરત કર્યા ન હતા અને વારંવાર સંપર્ક કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. એક તપેલાની કિંમત અંદાજે ૪૦ હજાર રૂપિયા ગણતા, કુલ ૧,૨૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ હજમ કરી જનાર આ શખ્સનો ઈરાદો પહેલેથી જ છેતરપિંડીનો હોવાનું જણાતા, વેપારીએ આખરે ૧૨ સપ્ટેમ્બરના રોજ પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી.

## 400 ડમી સીમકાર્ડ પકડાયા

**ભરૂચ** સાયબર ક્રાઇમે ઠગાઇ કરતાં ચાર આરોપીની ધરપકડ કરી

ભરૂચ : ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે સાયબર ઠગોના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ નેટવર્ક 400થી વધુ ડમી સિમકાર્ડનો ઉપયોગ કરીને વોટ્સએપ એકાઉન્ટ એક્ટિવ કરતું હતું. પોલીસે વડોદરા, દાહોદ સહિત રાજ્ય બહાર રાજસ્થાનથી સંકળાયેલા ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહી એક નાગરિક સાથે થયેલી રૂ. 45.22 લાખની ઓનલાઈન છેતરપિંડીના કેસની તપાસ દરમિયાન કરવામાં આવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ આ સિમકાર્ડ પોતાના મોબાઈલમાં નાખીને વોટ્સએપ એક્ટિવેશન માટે OTP મેળવતા હતા. તેઓ 400થી વધુ મોબાઈલ નંબરો પર વોટ્સએપ એકાઉન્ટ ચાલુ કરાવતા હતા. પછી આ નંબરો સાયબર ઠગોને આપતા હતા. NCCRP પર તપાસ કરતા જાણવા મળ્યું કે આ ડમી સિમકાર્ડ નંબરો વિરુદ્ધ કુલ 44 ફરિયાદો નોંધાઈ છે. આ ફરિયાદોમાં રૂ. 6 કરોડથી વધુની સાયબર છેતરપિંડી થઈ હોવાની વિગતો મળી છે.



જે કેસની તપાસ ચાલી રહી હતી, તેમાં ફરિયાદીને એક અજાણ્યા વ્યક્તિએ "Profit Strategy Room 27" નામના વોટ્સએપ ગ્રુપમાં જોડ્યા હતા. તેમને ઓનલાઈન ટ્રેડિંગમાં વધુ વળતરની લાલચ આપી "MARK CM" એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. સ્ટોક માર્કેટ અને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરાવવામાં આવ્યું હતું.ફરિયાદી પાસેથી અલગ-અલગ સમયે કુલ રૂ. 45.22 લાખ આઠ બેંક ખાતામાં જમા કરાવવામાં આવ્યા હતા. જ્યારે તેમણે પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે વધુ રૂ. 56.41 લાખ જમા કરાવવાની માંગણી કરવામાં આવી. આનાથી છેતરપિંડીનો પર્દાફાશ થયો.

સાયબર ક્રાઈમ PI કે.ડી. માંગરોલિયાની ટીમ દ્વારા કરણ ભાષાણી (23), સર્વેશ ઉર્ફે ગનુ પાટીલ (20), સુબોધ શર્મા ઉર્ફે રાજુ (34) અને આર્યનકુમાર ઉર્ફે લવ પંચાલ (19)ની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ચાર મોબાઈલ ફોન સહિત રૂ. 20 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને આગળની તપાસ ચાલુ છે.

## કામરેજની કુમકુમ સોસાયટીમાં બે બંધ મકાનોમાં ચોરી

**1.89** લાખની ચોરી કરનાર તસ્કરો કેમેરામાં કેદ

કામરેજ : કામરેજ ગામ નજીક આવેલી કુમકુમ સોસાયટીમાં બે બંધ મકાનનો તસ્કરો નિશાન બનાવી બન્ને મકાનોમાંથી સોના-ચાંદીના ઘરેણા,રોકડ મળી કુલ્લે રૂ.1,89,388ની ચોરી કરી નાસી છુટયા હતા. તસ્કરો સોસાયટીમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં પણ કેદ થયા હતા.

મુળ અમરેલી જિલ્લાના ત્રંબકપોર ગામના વતની અને હાલ કામરેજ ગામ નજીક આવેલી કુમકુમ રેસિડેન્સીમાં મકાન નંબર 479 માં રહેતા અનિલ નંદલાલ બાવસીયા પત્ની અને બે બાળકો તા.28મી ઓગષ્ટે રક્ષાબંધનની ઉજવણી કરવા માટે સાસરે મધ્યપ્રદેશના જાંબુવા જિલ્લાના ભોરકુંડીયા ખાતે ગયા હતા. બીજા દિવસે સવારે 7.00 કલાકે પાડોશી દિનેશ બાબરીયા ફોન કરીને મકાનનો દરવાજાનો નકુચો તુટેલો હોવાનુ જણાવી સોસાયટીમાં લગાવેલા સીસીટીવી કેમેરા જોતા મોડી રાત્રિના બે અજાણ્યા ઈસમો મોઢે બુકાની બાધી સોસાયટીમાં દેખાયા હોવાનું તેમજ ઘરનો સામાન વેરવિખેર હોવાનું તેમને જણાવ્યું હતું. જેથી તેઓ સાસરીમાંથી પોતાના ઘરે પરત આવી ગયા હતા. કબાટમાં પ્લાસ્કિટકની થેલીમાં મુકેલો ગલ્લો જેમાં રૂ.63000 રોકડા તેમજ ચાંદીનો કંદોરો,બે કમરના જુડા,બંગળી, બે વીંટી,ત્રણ જોડી હાથના કડા, બે વીંટી,સોનાની નથળી ની ચોરી થઈ હતી. આજ સોસાયટીમાં મકાન નંબર 235 માં રહેતા હિરેન કિશન પૈંડા ઘર બંધ કરી વતન ગયા હતા.તસ્કરો ઘર પર બનાવેલી કેબીનનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશી કબાટમાંથી સોનાની ચેઈન,ચાંદીના સિક્કા, ઈયરબર્ડસ, બે કાંડા ઘડિયાળની ચોરી કરી ગયા હતા. પોલીસે બંને ઘરમાંથી રૂપિયા 1,89,388ની ચોરીની ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### પલસાણામાં પગથિયા પરથી પડી જતાં ઓડિશાના યુવકનું મોત

પલસાણા : મૂળ ઓડિશાના જગતસિંઘપુર જિલ્લાના રઘુનાથપુર ગામના વતની અને હાલ બગુમરા ગામે આરતી ક્રિયેશન કંપનીના રૂમમાં રહી કામ કરતા રાજેશકુમાર બિસ્નુ ભોઈ (ઉ.વ. ૩૦) ગત ૧૧ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨ થી ૪:૩૦ વાગ્યાના અરસામાં કંપનીના પહેલા માળેથી ઉપરના માળે જઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક તેમનો પગ લપસી જતાં તેઓ પગથિયા પરથી નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં ગંભીર ઇજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. આ બનાવ અંગે પલસાણા પોલીસ મથકમાં અકસ્માત મોતની નોંધ કરવામાં આવી છે.

### ઓલપાડના અરિયાણા નજીક અકસ્માતમાં સરોલીના યુવકનું મોત

સાયણ : ઓલપાડ તાલુકાના સરોલી ગામે ગોવિંદજી પાર્ક સોસાયટીના ઘર નં.૩૨૪ માં અમિષભાઇ ગણપતભાઇ પટેલ( ઉ.વ.૪૬ )રહેતા હતાં. ખેતી તથા ટ્રાન્સ્પોર્ટના ધંધા સાથે સંકળાયેલા અમિષ પટેલ ગત શનિવાર,તા.૧૨ ના રોજ મોડી રાત્રે દિહેણથી અરીયાણા જતા રોડ ઉપર પોતાની હ્યુન્ડાઇ કંપનીની ફોર વ્હીલ કાર નંબર જીજે-૦૫ ,જે.પી-૪૦૦૭ હંકારી ઘરે પરત આવી રહ્યા હતાં. ત્યારે ધોધમાર પડતાં ચાલુ વરસાદ વચ્ચે તેમણે કારના સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો.જેના કારણે કાર રોડની રોંગ સાઇડમાં આવેલ ઝાડ તથા બસ સ્ટોપની દિવાલ સાથે અથડાઈ હતી.જેથી સર્જાયેલા અકસ્માતમાં અમિષ પટેલને માથાના ભાગે તથા જમણા હાથે ગંભીર ઇજા થવાથી તેમનું ઘટના સ્થળ ઉપર કરૂણ મોત થયું હતું.

## વિઝાના નામે પલસાણાના લોકો સાથે ૧૪.૯૪ લાખની ઠગાઇ

**સુરતની** ભૂમિ પરમારે ચાર લોકો સાથે ઠગાઇ કરતાં ગુનો

**એક** પીડિતે તો મુંબઇથી પાછા ફરવું પડ્યું હતું

પલસાણા : વિદેશ જવા ઇચ્છુક લોકો સાથે ઠગાઈ કનાર સામે પોલીસે કાર્યવાહી કરી છે. પાલ-અડાજણ સ્થિત 'આર.ડી.આઈ. ઈન્ટરનેશનલ' નામની એજન્સી ચલાવતી મહિલાએ લંડન, કેનેડા, ન્યુઝીલેન્ડ અને દુબઇ મોકલવાની લાલચ આપીને કુલ ૧૪.૯૪ લાખ રૂપિયા પડાવી લીધા હોવાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

પલસાણાના સાંઇ પુંજન-૨, જયઅંબે બંગ્લોઝમાં રહેતા દર્શન ભાવેશભાઈ રાઠોડે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમણે ઈન્સ્ટાગ્રામ પર 'આર.ડી.આઈ. ઈન્ટરનેશનલ'ની જાહેરાત જોઈને સંપર્ક કરતાં ૧લી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ એજન્સીના પ્રોપ્રાઈટર આરોપી ભૂમિ ભાવિક પરમાર (રહે. ૨૩૫, સુમેરૂ બિઝનેસ કોર્નર, પાલ, અડાજણ) તેમના ઘરે આવ્યા હતા. તેણે દર્શનભાઈની બહેનને લંડનમાં પાર્લરમાં નોકરી અપાવવાની ખાતરી આપી હતી. શરૂઆતમાં દુબઈ અને ત્યાંથી લંડન મોકલવાના નામે કુલ ૧૩ લાખ રૂપિયાનો ખર્ચ જણાવી ટુકડે-ટુકડે રકમ મેળવી હતી. જોકે, લંડન મોકલવામાં નિષ્ફળ રહેતા તેને બદલે કેનેડા મોકલવાનું કહીને વધુ ૯ લાખ રૂપિયા લીધા હતા. કેનેડાના વિઝા ન આવતા ન્યુઝીલેન્ડ મોકલવાનો વાયદો કર્યો હતો, જે પણ પોકળ સાબિત થયો હતો.

આ ઉપરાંત, ભેજાબાજ મહિલાએ દર્શનભાઈના મિત્રોને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા. મિત્ર દર્શન રબારી પાસેથી ન્યુઝીલેન્ડના વિઝા માટે ૩,૦૦,૫૦૦ રૂપિયા, ઋત્વિક વાળંદને દુબઇ મોકલવાના ૧,૫૩,૫૦૦ રૂપિયા અને કુશ પટેલને દુબઈ મોકલવાના ૧,૪૦,૦૦૦ રૂપિયા લીધા હતા. ઋત્વિકને ફ્લાઈટ ટિકિટ સાથે મુંબઈ સુધી મોકલ્યો હતો પરંતુ ત્યાં કાગળિયાની કાર્યવાહી અધૂરી હોવાથી તેને મુંબઈથી પરત ફરવું પડ્યું હતું. જ્યારે કુશના કિસ્સામાં ઈ-વિઝા આવ્યા બાદ ફ્લાઈટ ટિકિટ ન કરાવી આપતા વિઝાની ત્રણ માસની મુદત પૂરી થઈ ગઈ હતી.

આમ, અલગ-અલગ દેશોના સ્વપ્ન બતાવી કામ ન કરી આપી તથા કુલ ૧૪,૯૪,૦૦૦ રૂપિયા પરત ન આપીને મોટી છેતરપિંડી આચરી હોવાની હકીકત સામે આવી છે. આ સમગ્ર કેસની વધુ તપાસ પલસાણા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એન. ગામીત ચલાવી રહ્યા

### કીમના યુવાનના ખાતામાંથી બારોબાર 57 હજાર ઉપડી ગયા

પલસાણા : પલસાણા ગામની સીમમાં આવેલી ફોહેલ હબ કંપનીમાં નોકરી કરતા અને કીમ ખાતે રહેતા આધેડના બેન્ક ખાતામાંથી કોઈ અજાણ્યા શખ્સે જાણ બહાર બે અલગ અલગ ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂપિયા 57,081 ઉપાડી લઈ છેતરપિંડી આચરી હોવાનો બનાવ પલસાણા પોલીસ ચોપડે નોંધાયો છે. મૂળ ઉત્તરપ્રદેશના જોનપુર જિલ્લાના વતની અને હાલ ઓલપાડ તાલુકાના કીમ ખાતે આશિયાના નગર, સાંઇદીપ કોમ્પલેક્સમાં રહેતા 46 વર્ષીય અનિલભાઇ પુનવાસિ પ્રજાપતિ પલસાણા ગામની સીમમાં આવેલી ફોહેલ હબ પ્રા.લિ. કંપનીમાં નોકરી કરતા યુવાનના ખાતામાંથી રૂ. 57,081 ની રકમ ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર થઇ જતાં તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે.


## વાગરાના પહાજ ગામે છરીના ઘા મારી યુવકની હત્યા

**વીજળી** ગુલ થતાં અંધારાનો લાભ લઈને જૂના પ્રેમ પ્રકરણમાં આચરાયો લોહિયાળ કાંડ

**વડોદરામાં** સારવાર દરમિયાન મોત થતા પોલીસે આરોપીને દબોચી લીધો

ભરૂચ : વાગરા તાલુકાના પહાજ ગામે ગામના કાછીયા ફળિયા વિસ્તારમાં મિત્રો સાથે બેઠેલા 27 વર્ષીય આશાસ્પદ યુવક વસીમ ઇકબાલ દિવાન પર અચાનક છરીથી જીવલેણ હુમલો કરવામાં આવતા મોત નીપજ્યું હતું.

ભારે વરસાદી વીજળી બંધ થતા અંધારાનો લાભ લઈને હુમલાખોરે યુવાન વસીમ દિવાન પર તૂટી પડતા ઢળી પડ્યો હતો. અજાણ્યા હુમલાખોરે યુવકના છાતી, હાથ અને શરીરના અન્ય ભાગો પર આડેધડ છરીના ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે યુવક લોહીલુહાણ થઈ ગયો હતો. ઘટનાને પગલે સાથે રહેલા મિત્રોએ કાર મારફતે વાગરા CHC ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવાર અર્થે ભરૂચ અને ત્યારબાદ



વડોદરા ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી અને મૃતકના પરિવારમાં આક્રંદ છવાયો હતો. ઘટના સ્થળ પરથી વાયરલ થયેલા એક વીડિયોમાં હુમલામાં વપરાયેલો છરો અને બુલેટ મોટરસાયકલની ચાવી મળી આવી છે. સ્થાનિક લોકોમાં આ હુમલો ગામના જ આસિફ પટેલે કરી હોવાની વિગતો મળી છે. જે બાબતે વાગરા પોલીસે તપાસ હાથ ધરતા પહાજ ગામના આસિફ મહંમદ પટેલની અટક કરીને પૂછપરછ કરતા ભાંગી પાડીને વસીમ દિવાનની હત્યા કરી હોવાની કબુલાત કરી લીધી છે. આ ઘટનામાં જૂનું પ્રેમપ્રકરણ લઈને વિવાદ હોવાથી હાલમાં કરુણ અંજામ આપી દીધો હતો.

## બારડોલીના ભામૈયા ગામમાં ઝઘડો છોડાવવા પડેલા યુવાનનું મોત

**અર્જુન** રાઠોડ ઝપાઝપી કરનારાને છોડાવવા ગયા ત્યારે પગમાં ઇજા થઇ હતી

બારડોલીઃ બારડોલી તાલુકાના ભામૈયા ગામમાં મિત્રો વચ્ચે થયેલા ઝઘડામાં છોડાવવા પડેલા ૩૦ વર્ષીય યુવાનને ડાબા પગના ભાગે ઈજા પહોંચ્યા બાદ તેનું મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે. આ મામલે મૃતકના મોટા ભાઈએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે.

પોલીસમાં નોંધાયેલી વિગતો અનુસાર, ભામૈયા ગામના ટેકરા ફળિયામાં રહેતા અર્જુનભાઈ શંકરભાઈ રાઠોડ (ઉ.વ.૩૦) ગત તારીખ ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રાત્રે આઠેક વાગ્યે ગામના ગ્રાઉન્ડમાં હાજર હતા. તે સમયે તેમના મિત્ર અર્જુનભાઈ રાઠોડ અને અક્ષયભાઈ નવીનભાઈ રાઠોડ સાથે મંગાભાઈ મોહનભાઈ રાઠોડ કોઈ બાબતે લડાઈ ઝઘડો કરી રહ્યા હતા. આ ઝપાઝપી દરમિયાન મરણ જનાર અર્જુનભાઈ તેમને છોડાવવા વચ્ચે પડ્યા હતા, જેમાં તેમને ડાબા પગના સાથળના ભાગે મુઢ ઈજાઓ થઈ હતી.

ત્યારબાદ તારીખ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ બપોરે ૧૨ વાગ્યાના અરસામાં અર્જુનભાઈનું મોત નિપજ્યું હતું. મૃતકના મોટા ભાઈ અને કડીયાકામ કરતા પરેશભાઈ શંકરભાઈ રાઠોડે (ઉ.વ.૩૨) પોતાના ભાઈનું મોત આ ઈજાના કારણે જ થયું હોવાની શંકા વ્યક્ત કરી છે.

મોતનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતકના ભાઈએ પોલીસ મથકે જાણ કરી હતી. બારડોલી રૂરલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ યુવાનના મોતનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે.

### પરબમાં બીજા માળેથી પટકાયેલાં શ્રમીકનું મોત

કામરેજ : પરબ ગામે ઓમ ઈન્ડસ્ટ્રીઝમાં દાદર પરથી પટકાયેલા શ્રમિકનું મોત થયું છે.

મૂળ ઉત્તરપ્રદેશના અમીરપુર જિલ્લાના વિખોદર ગામના વતની અને હાલ કામરેજ તાલુકાના પરબ ગામે ઓમ ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-1માં પ્લોટ નંબર 239-240 માં લુપી ઈન્ડસ્ટ્રીઝમાં દોરા કાપવાની મજુરી કરીને ત્યાં જ રહેતા દિલીપ શ્રીકુતન નિશાદ (ઉ.વ.30) ત્રણ ભાઈઓ એક સાથે એક કારખાનામાં કામ કરતાં હતા.

શનિવારના રોજ રાત્રિના 8.00 નોકરી પૂરી કર્યા બાદ રૂમ પર આવી ગયા હતા. તે સમયે વતનથી ફોન આવતાં ફોન આવતા દીલીપ વાત કરતાં કરતાં દાદર પરથી નીચે ઉતરતી વખતે લપસી ગયો હતો. બીજા માળેથી પટકાતાં ગંભીર ઈજાના કારણે તેનું મોત થયું હતું.

## માંડવીમાં મૃતક મહિલાના નામની બોગસ રિલિઝ ડીડ બનાવી

**માંડવીના** ફળીગામના ભેજાબાજ ૬૨ વર્ષીય ચેતન ખાલપાભાઈ ગામીતની ધરપકડ

માંડવી : ૧૯ વર્ષ અગાઉ મૃત્યુ પામેલી એક મહિલાના નામે બોગસ રિલીઝ ડીડ બનાવી જમીન પચાવી પાડવાના ષડયંત્રનો માંડવી પોલીસે પર્દાફાશ કર્યો છે. આ ગંભીર કાવતરામાં સંડોવાયેલા વૃદ્ધ આરોપીને માંડવી પોલીસે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાના માર્ગદર્શન હેઠળ માંડવી ડિવિઝનના મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષેશ એન્જિનિયરના નિર્દેશથી માંડવી પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.એસ. વળવી તથા તેમની ટીમે સઘન તપાસ હાથ ધરી હતી.



પોલીસે આ મામલે ફળી ગામ (તા. માંડવી) ખાતે રહેતા ૬૨ વર્ષીય ચેતન ખાલપાભાઈ ગામીતની ધરપકડ કરી છે. આરોપીએ વર્ષો પહેલાં અવસાન પામેલી મહિલાની જાણ બહાર બોગસ દસ્તાવેજો બનાવી જમીન પોતાના નામે કરવાનો કારસો રચ્યો હતો. માંડવી પોલીસે આરોપી સામે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઘાયલોનો જીવ બચાવનાર ૩ રાહવીરોનું સુરત પોલીસ વડાના હસ્તે સન્માન



માંડવી : માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત બનેલા લોકોને 'ગોલ્ડન અવર'માં તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડી નવજીવન આપનાર ત્રણ જાગૃત નાગરિકોનું સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા સન્માન કરવામાં આવ્યું છે. સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા દ્વારા માંડવી તાલુકાના અમલસાડી ગામના શંકરલાલ ઠાકોરભાઇ ચૌધરી તેમજ માંગરોલ તાલુકાના ઝંખવાવ ગામના મુકેશભાઇ ગુરજીભાઇ ગામીત અને હસમુખભાઇ ગુરજીભાઇ ગામીતને શાલ ઓઢાડીને બિરદાવવામાં આવ્યા હતા. આ તમામને ૨૫,૦૦૦/- ની રોકડ રકમનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

### B.A.B.S. હાઈસ્કૂલ, બારડોલીના પ્રોજેક્ટને પ્રથમ ક્રમ




બારડોલીઃ RNGPIT કોલેજ, તાજપોર દ્વારા એન્જિનિયર દિવસ નિમિત્તે દર વર્ષે યોજાતા રાષ્ટ્રીય સ્તરના ટેક્નિકલ ફેસ્ટિવલ વિશ્વસ્મૃતિ-2026માં બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલ, બારડોલીના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓ શાહ વૈશ્વી કેવિનકુમાર અને લાડ ક્રિશ અલ્પેશકુમારએ નવીન ટેક્નોલોજી આધારિત 'AI Home Automation Offline' પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય ચેતનાબેન જે. અધેરા, મંડળના ચેરમેન હસમુખભાઈ પટેલ, માનદમંત્રી ડો. વ્યોમભાઈ વી. પાઠક, મેનેજમેન્ટના સભ્યો તથા સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### બારડોલીના સુરાલી નજીક નહેરમાં ડૂબી અજાણ્યાનું મોત

બારડોલીઃ બારડોલી તાલુકાના સુરાલી ગામના બાવળી ફળિયા પાસેથી પસાર થતી ખાડીમાં એક અજાણ્યો યુવક નાહવા માટે પડ્યો હતો. અગમ્ય કારણોસર આ યુવક પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને તેનું ડૂબી જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટના અંગેની જાણ સુરાલી ગામના બાવળી ફળિયામાં રહેતા ૬૨ વર્ષીય ખેડૂત રજનીકાંત વિજયભાઈ ચૌધરીએ તે જ દિવસે રાત્રે ૮:૧૦ કલાકે પોલીસને કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મરણ જનાર અજાણ્યા યુવકની ઉંમર આશરે ૨૫ થી ૩૦ વર્ષની હોવાનું અંદાજવામાં આવ્યું છે.

Milano MULTIPLEX
બારડોલી
Haiwaan
10:00am, 12:00pm, 04:00pm, 09:00pm
Mirzapur : The Movie
11:00am, 02:00pm, 06:00pm, 10:00pm
Hanuman Ansh
03:00pm, 06:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

## પલસાણાના ઈટાળવા ગામમાં બોગસ તબીબ ઝડપાયો

**મૂળ** પશ્ચિમબંગાળનો સંજય સમદાર ડિગ્રી વગર જ લોકોના જીવ સાથે ચેડાં કરતો હતો

પલસાણા : સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાએ પલસાણા તાલુકાના ઈટાળવા ગામમાં દરોડા પાડીને મેડિકલ ડિગ્રી કે રજિસ્ટ્રેશન વિના ગેરકાયદેસર રીતે દવાખાનું ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા એક બોગસ તબીબને ઝડપી પાડ્યો છે.

સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઈ. રાજેન્દ્રભાઈ બંસીલાલ સિસોદેએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તારીખ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાના સુમારે ઈટાળવા ગામ માં સુર્યાસી રેસિડેન્સી ખાતે જી.બી. ડાઈંગ મીલની સામે આવેલી મોહંમદભાઈની બિલ્ડિંગમાં દુકાન નંબર ૦૪ માં 'ક્રિષ્ના ક્લિનીક' નામના દવાખાનામાંથી ગુજરાત મેડિકલ કાઉન્સિલના કોઈપણ માન્ય પ્રમાણપત્ર વિના એક ઈસમ તબીબી પ્રેક્ટિસ કરતો મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર તેનું નામ સંજય સંજીવબન સમદાર (ઉ.વ. ૩૨)છે. તે મૂળ પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના કમાલપુર ગામનો વતની અને હાલમાં પલસાણાની સુર્યાસી રેસિડેન્સીના આર.બી. પ્લાઝામાં રહેતો સંજય ગેરકાયદેસર રીતે દર્દીઓની સારવાર કરતો હતો. પોલીસે ક્લિનિકમાંથી વિવિધ મેડિકલ સાધનસામગ્રી અને દવાઓ મળીને કુલ રૂપિયા ૧૨,૪૧૬ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ સમગ્ર મામલે પલસાણા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૨૫ તેમજ ધી ગુજરાત મેડીકલ પ્રેકટીસ એક્ટ ૧૯૬૩ ની કલમ ૩૦ અને ૩૫ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ આ કેસની વધુ તપાસ પલસાણા પોલીસ મથકના યુ.એ.એસ.આઈ. ભુપતસિંહ અંદરસિંહ ચલાવી રહ્યા છે.

## ભરૂચની જામા મસ્જિદ પરિસરમાં દેશભરમાંથી શ્રદ્ધાળું ઉમટયા

**ચક્રધર** સ્વામી અવતાર દિવસની ઉજવણી

ભરૂચ : ભરૂચની ઐતિહાસિક જામા મસ્જિદ પરિસરમાં શ્રી ચક્રધર સ્વામીના અવતાર દિવસ નિમિત્તે દર્શન અને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહારાષ્ટ્ર અને ઉત્તર ભારત સહિત દેશભરમાંથી મહાનુભાવ પંથના હજારો શ્રદ્ધાળુઓ અને સંતો ઉમટી પડ્યા હતા. આ સ્થળે હિન્દુ-જૈન સંગઠનો પ્રાચીન મંદિર હોવાનો દાવો કરી રહ્યા છે. શ્રદ્ધાળુઓના આગમનને પગલે સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સુદર્શન નાગરાજ કપાટેએ મીડિયાને જણાવ્યું કે, મહાનુભાવ સંપ્રદાયના સંસ્થાપક શ્રી ચક્રધર સ્વામીનું ભરૂચ નગરી સાથે સીધું



ઐતિહાસિક જોડાણ છે. તેમનો અવતાર આ સ્થળે થયો હતો અને અહીં તેમનો રાજમહેલ આવેલો હતો. આ સનાતન ધરોહર હિન્દુ, જૈન અને મહાનુભાવ સંપ્રદાયની સાંસ્કૃતિક એકતા દર્શાવે છે. સ્વામી મુક્તાનંદજીના નેતૃત્વ હેઠળના આંદોલનના ભાગરૂપે દેશભરમાંથી ભાવિકો અહીં રાજમહેલ અને પવિત્ર સ્મૃતિના દર્શન કરવા એકઠા થયા છે.

નોંધનીય છે કે, ભરૂચની આ પ્રાચીન જામા મસ્જિદ મૂળ જૈન-હિન્દુ ધાર્મિક સ્થળ અને શ્રી ચક્રધર સ્વામીની જન્મભૂમિ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ અંગે લાંબા સમયથી કાયદાકીય અને સામાજિક વિવાદ ચાલી રહ્યો છે. સંવેદનશીલ સ્થિતિને જોતા સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ વિભાગે પરિસરમાં કડક સુરક્ષા ગોઠવી હતી, જેથી દર્શનાર્થીઓ શાંતિપૂર્ણ રીતે દર્શન કરી શકે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે.

દર્શન બાદ અખિલ ભારતીય સંત સમિતિ પ્રેરિત 'ઐતિહાસિક જૈન મંદિર શ્રી ચક્રધર સ્વામી રાષ્ટ્રીય ધરોહર સંરક્ષણ સમિતિ' અને 'સમન્વય ચેરિટેબલ ટ્રસ્ટ, ભરૂચ' દ્વારા ઝાડેશ્વર BAPS મંદિર પાછળના ગ્રાઉન્ડ ખાતે ભવ્ય જન્મ જયંતિ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ પૂ. સંતશ્રી અવિચલ દેવાચાર્ય મહારાજ અધ્યક્ષતા કરશે. સંતો-મહંતો અને મુખ્ય વક્તાઓ સનાતન ધરોહરના રક્ષણ અંગે માર્ગદર્શન આપશે.

### અંકલેશ્વર હાઈવે પરથી ગાંજાના જથ્થા સાથે સુરતના 3 પકડાયા

અંકલેશ્વર, ભરૂચ : ભરૂચ સ્પેશ્યલ ગ્રુપની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે સુરતનો અસફાક શેખ નામનો ઈસમ તેના મળતીયાઓ સાથે રિક્ષામાં ગાંજાનો જથ્થો લઈ સુરતથી અંકલેશ્વર તરફ આવનાર છે. બાતમીના આધારે ભરૂચ એસ.ઓ.જીએ અંકલેશ્વર હાઈવે ઉપર હોટલ પરિવાર પાસે વોચ ગોઠવી હતી. તે વેળા બાતમી વાળી રીક્ષા આવતા પોલીસે તેને અટકાવી ડિક્કિમાં તપાસ કરતા તેમાંથી સેલોટેપ વિટાળેલા બે પેકેટ ગાંજાના મળી આવ્યા હતા. પોલીસ 94 હજારનો 1.890 કિલો ગ્રામ ગાંજો અને 1.50 લાખની રીક્ષા તેમજ રોકડા 50 હજાર મળી કુલ 3.09 લાખના મુદ્દામાલ સાથે સુરતના રુસ્તમપુરા અકબર શહીદ ટેકરા મહોલ્લા પઠાણવાડ ડી.કે. હોસ્પિટલ પાસે રહેતો અસફાક મુસ્તાક શેખ, મહમંદ નવાબ મહમંદ હાસીમ અન્સારી અને શરીફશા ગનીશા દીવાનને ઝડપી પાડ્યો હતો.